# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૫૭, ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૦



## યુજીવીસીએલ દ્વારા ૭૪મા સ્વતંત્રદિનના પર્વની ઉજવણી



**માનનીય ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલના વરદ્ હસ્તે મેગેઝિન તથા પુસ્તિકાનું વિમોચન**





**પોશીના ખાતે 'વીજ સુવિધા કેન્દ્ર'નું લોકાર્પણ**



**વીજ સલામતી પુસ્તિકાનું વિમોચન**

# આ અંકમાં


**અંક-૫૭**
**ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૦**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી મહેશ સિંઘ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પીઆર)

**સંકલન સહાયક**
શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ)

**સંપાદક મંડળ**
શ્રી પી.બી, પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, મુખ્ય ઇજનેર (પી)
શ્રી જે. એન. પંચોલી, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર
શ્રી સી. જે. રાજપાલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી આર. ડી. ઝાલા, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી જી. ડી. પટેલ, અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડીંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


## આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.


cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com


## આ અંકના આકર્ષણો...


**ઉજવણી** ૦૪
» ૭૪મા સ્વતંત્રદિનના પર્વની ઉજવણી.................. ૦૪

**ગૌરવ** ૦૭
» યુજીવીસીએલ પરિવારના તેજસ્વી તારલા.............. ૦૭

**નિયુક્તિ** ૦૮
» સીજીઆરએફના અધ્યક્ષ તરીકે શ્રી નિલેશ પી. મહેશ્વરીએ કાર્યભાર સંભાળ્યો............ ૦૮

**પડકાર** ૦૯
» સૂઈ ગામના દરિયાઈ રણમાં ભરાયેલ પાણીમાં વીજ ટ્રાન્સફોર્મર બદલવાની અદ્વિતીય કામગીરી............ ૦૯

**લોકાર્પણ** ૧૦
» પોશીના ખાતે 'વીજ સુવિધા કેન્દ્ર'નું લોકાર્પણ........... ૧૦

**સન્માન** ૧૦
» કોરોના વોરિયર્સ યુજીવીસીએલ નાયબ ઇજનેરનું સન્માન ૧૦

**સંક્ષિપ્ત સમાચાર** ૧૧
» માનનીય ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલના વરદ્ હસ્તે મેગેઝિન તથા પુસ્તિકાનું વિમોચન...................... ૧૧
» સતત ૪૫ વખત રક્તદાન કરવા બદલ સન્માનિત....... ૧૧
» યોગ કોચ અને યોગ ટ્રેનર્સને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ.... ૧૧

**પડકાર** ૧૨
» યુજીવીસીએલ દ્વારા અકસ્માત બનાવો અટકાવવાની કપરી કામગીરી.......................... ૧૨


**શ્રધ્ધાંજલી** ૧૨

**ફોટો ગેલેરી** ૧૩

**ઉજવણી** ૧૩
» ૭૧મા વન મહોત્સવની ઉજવણી...................... ૧૩

**વિદાય** ૧૪
» શ્રી આર.બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ) અને શ્રી પી.પી. બારોટ આસી. લો ઓફિસરને માનભેર વિદાય ૧૪
» સુશ્રી એમ.પી. શાહ, કાર્યપાલક ઇજનેર અને શ્રી કે.બી. પટેલ, કાર્યપાલક ઇજનેરનો વિદાય સમારંભ... ૧૪

**કાવ્યધારા** ૧૫



**આ ન્યૂઝલેટરના માધ્યમ દ્વારા કંપનીના સૌ કર્મચારીઓ સાથે મજબૂત સંવાદનો સેતુ રચાયો છે. આપના પ્રતિભાવો દ્વારા કંપનીની કામગીરી પ્રત્યેનો હકારાત્મક અભિગમ તેમજ માનવંતા ગ્રાહકોની કંપની પ્રત્યેની અપેક્ષાઓ માટે કેટલા ખરા ઉતર્યા તેનો સ્પષ્ટ ચિતાર મળી રહ્યો છે.**

*"માણસ પોતે પોતાના કાર્ય વિશે બોલે એના કરતાં તેનું કાર્ય પોતે જ બોલી ઉઠે એમાં જ સિદ્ધિનાં દર્શન થાય છે."*

**– વજુ કોટક**

**પ્રિય કર્મચારી મિત્રો,**

'આપણું યુજીવીસીએલ'નો આ ૫૭મો અંક છે. આ ન્યૂઝલેટરના માધ્યમ દ્વારા કંપનીના સૌ કર્મચારીઓ સાથે મજબૂત સંવાદનો સેતુ રચાયો છે. આપના પ્રતિભાવો દ્વારા કંપનીની કામગીરી પ્રત્યેનો હકારાત્મક અભિગમ તેમજ માનવંતા ગ્રાહકોની કંપની પ્રત્યેની અપેક્ષાઓ માટે કેટલા ખરા ઉતર્યા તેનો સ્પષ્ટ ચિતાર મળી રહ્યો છે.

તા. ૪થી ઓગસ્ટના રોજ માનનીય ઊર્જા મંત્રીશ્રીએ 'આપણું યુજીવીસીએલ'ના ૫૬મા અંક તેમજ 'યુજીવીસીએલ એટ એ ગ્લાન્સ' પુસ્તિકાનું વિમોચન કર્યું હતું. એ સમયે તેઓએ યુજીવીસીએલનાં પ્રકાશનો માટે અને તે અંતર્ગત કરવામાં આવેલ કામગીરી માટે ખૂબ જ હકારાત્મક પ્રતિભાવ આપતાં હું અત્યંત ગૌરવની લાગણી અનુભવું છું. આપ સર્વેની ફરજ અને કર્તવ્યનિષ્ઠાનું આ પરિણામ છે.

અગાઉ પણ ઉચ્ચ સત્તાધીશો દ્વારા કંપનીની વિવિધ પડકારજનક કામગીરી માટે હકારાત્મક પ્રતિસાદ મળેલ છે. સોશિયલ મીડિયાના સમયમાં આપણી ક્ષતિઓ પ્રત્યે આપણા માનવંતા ગ્રાહકો સતત જાગૃતતા દર્શાવે છે, તેમ આપણી પ્રશંસનીય કામગીરી અંગે પણ સુંદર પ્રતિસાદ ઉદારતાથી આપે છે. જેમ કે, નડાબેટ ખાતે પતરાનો તરાપો બનાવીને ૬૫૦ કિલો વજન ધરાવતા ટ્રાન્સફોર્મરને બદલવાની પડકારજનક કામગીરી કરવામાં આવી તેની સોશિયલ મીડિયામાં સરાહના કરવામાં આવી. આ કામગીરીએ દર્શાવ્યું કે આપણે ગમે તેવી પરિસ્થિતિમાં કામ કરવા હંમેશા કટિબદ્ધ છીએ. આ કામગીરીને, કંપનીના ગ્રાહકોએ સોશિયલ મીડિયા પર બિરદાવી, એટલું જ નહીં, માનનીય ઊર્જા મંત્રીશ્રીને આ માહિતી મળતાં તેઓએ પણ 'ફેસબુક'ના માધ્યમથી આપણી કામગીરીની નોંધ લઈને બિરદાવી. આ સફળતાની સૂત્રધાર એવી સમગ્ર ટીમને હું હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું.

શ્રેષ્ઠ કામગીરીનો હંમેશા શ્રેષ્ઠ બદલો મળે છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા કામગીરીની મુલવણી માટે નક્કી કરેલ માપદંડોમાં આપણે વધુ સારો દેખાવ કર્યો છે. પરિણામે યુજીવીસીએલ માટે મહત્તમ 'ઇન્સેન્ટીવ'ની જાહેરાત કરવામાં આવેલ છે. ઉત્કૃષ્ટ કામગીરી સાથે સફળતાનાં ઊંચાં શિખરો આપણે સર કરતા રહીશું તેવી અભ્યર્થના.



**મહેશ સિંઘ,** આઇએફએસ,
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# ૭૪મા સ્વતંત્રદિનના પર્વની ઉજવણી



સલામી

૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ બ્રિટિશ હકૂમતમાંથી આપણે આઝાદ થયા ત્યારથી આપણે ‘સ્વતંત્રદિન’ તરીકે ધામધુમથી ઉજવણી કરી આપણા સ્વતંત્ર સેનાનીઓએ આપેલ કુરબાનીને આપણે સૌ યાદ રાખી ગૌરવ અનુભવીએ છીએ. આ વર્ષે કોરોનાની મહામારીને ધ્યાનમાં લઈને સામાજિક અંતર સાથે ખૂબ સાવધાન રહીને સરકારશ્રીની માર્ગદર્શિકાઓને ધ્યાનમાં લઈને ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘના વરદ્ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર, શ્રી પી.બી. પંડ્યા, શ્રી વી.એમ. શ્રોફ, જનરલ મેનેજર (ફાઇનાન્સ), શ્રી આર.બી. કોઠારી, વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ), શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.), શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી જે.કે. દરજી, શ્રી જી.એચ. એન્જિનીયર તથા કંપનીના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ અને પરિવારજનો ઉપસ્થિત રહેલ. રાષ્ટ્રભક્તિના માહોલ વચ્ચે કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ ૯.૧૫ કલાકે ધ્વજ ફરકાવીને વંદન કરી સલામી આપેલ. સમુહમાં રાષ્ટ્રગીત ગાવામાં આવેલ. કર્મચારીઓ જોગ શુભેચ્છા પાઠવી સંદેશો પાઠવેલ.





### અક્ષરશઃ

“૭૪મા સ્વતંત્રદિન નિમિત્તે ઉપસ્થિત મારા પ્રિય કર્મચારીઓ, નિવૃત્ત કર્મચારીઓ અને યુજીવીસીએલ પરિવારના તમામ સભ્યોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

આપણા પૂર્વજોએ અંગ્રેજ શાસન સામે સંઘર્ષ કરીને આપણને મહામૂલી આઝાદી અપાવી છે. આઝાદી અપાવવા પાછળનો ઉદ્દેશ માત્ર અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ કરવાનો જ ન હતો, પરંતુ એક વિકસિત, આધુનિક અને ખુશહાલ રાષ્ટ્રનું નિર્માણ કરવાનો હતો. સ્વતંત્ર્ય ભારતના તમામ નાગરિકોના સહિયારા પુરુષાર્થથી આપણે પ્રગતિના સોપાન સર કરી ઉત્તરોત્તર વિકાસની યશગાથા ચાલુ રાખેલ છે.

સમગ્ર ભારતમાં વિકાસ થયો છે જેમાં ગુજરાત રાજ્યનું પ્રદાન હંમેશા અગ્રેસર રહ્યું છે. દરેક ક્ષેત્રમાં ગુજરાતે નવા આયામો કંડારેલ છે, જેણે સમગ્ર ભારતને દિશા નિર્દેશ આપવાની ભગીરથ કામગીરી કરેલ છે.

વીજક્ષેત્રની વાત કરીએ તો ગુજરાત સાતમુ રાજ્ય હતું કે જેણે ‘રીફોર્મ્સ’નો સ્વીકાર કર્યો, પણ થોડાક જ સમયમાં એવી કામગીરી કરી કે, તમામ રાજ્યોની સરખામણીએ અગ્રેસર સ્થાન પ્રાપ્ત કરીને સમગ્ર રાષ્ટ્રને રાહ ચીંધ્યો છે. કંપનીના કર્મચારીઓએ પોતાના પરિશ્રમથી વીજ ક્ષેત્રે અગ્રેસર કંપની તરફ પ્રસ્થાપિત કરીને ગૌરવ અપાવેલ છે. તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવું છું.

તાજેતરમાં કોરોનાની મહામારી





ઉદ્બોધન

દરમ્યાન ખૂબ જ સાવચેતી રાખીને તમામ કર્મચારીઓએ સફળ કામગીરી કરેલ છે જેની કેન્દ્ર સરકારના માનનીય ઊર્જા મંત્રી, શ્રી આર. કે. સિંઘ દ્વારા પોતાના સંદેશમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા બિરદાવવામાં આવેલ છે તેવું જણાવેલ છે. ગુજરાતના પ્રબુદ્ધ સાહિત્યકારો, રાજકારણીઓ તથા સામાજિક કાર્યકરો દ્વારા આપણને પ્રોત્સાહિત કરતા સંદેશાઓ આપણા માનવંતા ગ્રાહકો સમક્ષ રજૂ કરીને આપ સૌને પ્રોત્સાહિત કરેલ છે. ઉપરાંત રાજ્યના માનનીય ઊર્જામંત્રી, શ્રી સૌરભભાઈ પટેલ, માનનીય ઊર્જા રાજ્ય મંત્રી, શ્રી પ્રદિપસિંહ જાડેજા, અધિક મુખ્ય સચિવ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સુશ્રી સુનયના તોમર મેડમ તથા જીયુવીએનએલના મેનેજિંગ ડિરેક્ટર અને યુજીવીસીએલના અધ્યક્ષ સુશ્રી શાહમીના હુસૈન દ્વારા પ્રોત્સાહક શુભેચ્છા સંદેશા પાઠવી આપણી કામગીરીને બિરદાવી છે જેની હું ગૌરવભેર નોંધ લઉં છું.

કોરોનાની મહામારીનો સમય હજી ચાલુ છે તેવા સંજોગોમાં વધુ સાવચેતી પૂર્વક કામગીરી કરવા અનુરોધ કરું છું અને ફરી વાર ૧૫મી ઓગસ્ટની સ્વતંત્ર દિનની શુભેચ્છા પાઠવી વિરમું છું.

જય હિન્દ. ભારત માતા કી જય."



## પાલનપુર ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી



ધ્વજવંદન

તા.૧૫-૦૮-૨૦૨૦ના રોજ પાલનપુર વિભાગીય કચેરી-૧નાં પટાંગણમાં આઝાદીના ૭૪મા સ્વતંત્ર દિવસની ઉજવણી યુજીવીસીએલ વર્તુળ કચેરી, વિભાગીય કચેરી-૧, પાલનપુર, વિભાગીય કચેરી-૨, પાલનપુર, પેટા વિભાગીય કચેરી, પાલનપુર, શહેર અને ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી દ્વારા કરવામાં આવેલ. જેમાં તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.

કોરોના મહામારીને લઈ દરેક કર્મચારીઓ દ્વારા સોશિયલ ડિસ્ટન્સ-માસ્કનું પાલન કરી વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી એલ.એ. ગઢવીના વરદ્ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવેલ. ત્યાર બાદ રાષ્ટ્ર ગીતનું ગાન કરવામાં આવેલ અને આઝાદ ભારત માટે પોતાનું બલિદાન આપનાર વીરોને યાદ કરવામાં આવેલ.



સન્માન

સદર કાર્યક્રમ દરમ્યાન પાલનપુર વર્તુળ કચેરીના તાબા હેઠળ રાધનપુર વિભાગીય કચેરીને એચ.ટી. ગ્રાહકો પાસેથી સૌથી વધુ ઓનલાઇન પેમેન્ટ મેળવવા બદલ તેમજ ઊંઝા પેટા વિભાગીય કચેરીને એલ.ટી. ગ્રાહકો પાસેથી સૌથી વધુ ઓનલાઇન પેમેન્ટ્સ મેળવવા બદલ પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવેલ. ત્યારબાદ પાલનપુર વર્તુળ કચેરીના જે કર્મચારીઓના ચિરંજીવી દ્વારા ધોરણ ૧૦ અને ૧૨માં ઉત્કૃષ્ટ દેખાવ કરેલ તેઓને પણ પ્રશસ્તિપત્ર અને મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે હાજર તમામ કર્મચારીઓનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવેલ.

**કોરોનાની મહામારીને લીધે ઓનલાઇન પેમેન્ટ્સની ઉત્કૃષ્ટ કામગીરી માટે સન્માનિત કચેરીઓના વડાને મોકલી આપવામાં આવેલ સન્માનપત્રોની યાદી**

| વર્તુળ કચેરી | વિભાગીય કચેરી | પેટા વિભાગીય કચેરી | કેટેગરી | રેન્ક |
|---|---|---|---|---|
| પાલનપુર | સિધ્ધપુર | ઉંઝા શહેર | અર્બન (એલટી) | ૧ |
| મહેસાણા | મહેસાણા | મહેસાણા હાઈવે | અર્બન (એલટી) | ૨ |
| મહેસાણા | મહેસાણા | મહેસાણા ઈન્ડસ્ટ્રીયલ | અર્બન (એલટી) | ૩ |
| મહેસાણા | વિજાપુર | ગોઝારીયા | રુરલ (એલટી) | ૧ |
| મહેસાણા | વિસનગર | વિસનગર-૨ | રુરલ (એલટી) | ૨ |
| સાબરમતી | ગાંધીનગર (અર્બન) | અડાલજ | રુરલ (એલટી) | ૩ |
| પાલનપુર | રાધનપુર | - | એચ.ટી. | ૧ |
| મહેસાણા | વિસનગર | - | એચ.ટી. | ૨ |
| મહેસાણા | મહેસાણા | - | એચ.ટી. | ૩ |

## સાબરમતી ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી

તા.૧૫-૦૮-૨૦૨૦ના રોજ સાબરમતી વર્તુળ કચેરીના પટાંગણમાં ૭૪માં સ્વતંત્રતા દિવસની ખૂબ જ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ. સાબરમતી વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર, શ્રી આર.ડી. ઝાલાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. જેમાં સાબરમતી વર્તુળ/વિભાગીય કચેરીના અધિકારી/કર્મચારીઓ,



પોલીસ/જેટકો સ્ટાફ તથા સાબરમતી કોલોનીના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

જે અંતર્ગત વધુ ઓનલાઈન પેમેન્ટ માટે એલ.ટી.-ગ્રામ્ય વર્ગમાં ત્રીજા સ્થાને ઉત્તીર્ણ થવા બદલ અત્રેના તાબા હેઠળની અડાલજ પેટા-વિભાગીય કચેરીના નાયબ ઇજનેરશ્રી અને નાયબ અધિક્ષકશ્રીને પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કરવામાં આવેલ તેમજ સાબરમતી વિભાગીય કચેરી ખાતે મીટર ટેસ્ટર તરીકે ફરજ બજાવતા શ્રી પી.એસ. પટેલના સુપુત્રી કુ. દ્રષ્ટિ પી. પટેલને એચ.એસ.સી. પરીક્ષામાં ૯૯.૧૭ પર્સેન્ટાઇલ રેન્ક મેળવવા બદલ મેરીટ એવોર્ડ આપીને સન્માન કરવામાં આવેલ.



*સલામી*



*મોડાસા ખાતે*



*મોડાસા ખાતે*



*ભિલોડા ખાતે*

*હિંમતનગરની વિવિધ કચેરીઓ ખાતે પંદરમી ઓગસ્ટ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ*

## અભિનંદન



ગુજરાત રાજ્ય સરકારના માનનીય ઊર્જા રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાના વડપણ નીચે ૭૪મા સ્વતંત્રદિનની ઉજવણી હિંમતનગર ખાતે કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી કલ્પેશભાઈ જણસારી સિનિયર આસિસ્ટન્ટ તરીકે ઇડર સ્ટોર ખાતે ફરજ બજાવતા અને ઇડર - ભિલોડા કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીના ચેરમેન શ્રી કલ્પેશભાઈ જણસારીને covid-19ની સેવાના ભાગરૂપે મંડળી તરફથી ૫૧૦૦૦/- અંકે રૂપિયા એકાવન હજાર પૂરાં રોકડ સહાય કરવામાં આવેલ, જેના ઉપલક્ષમાં સ્વતંત્રદિને ગુજરાત સરકાર દ્વારા મંડળીના ચેરમેને સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની પ્રતિષ્ઠામાં પણ વધારો થયેલ. યુજીવીસીએલ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે અને શ્રી કલ્પેશ જણસારી તથા સમગ્ર કારોબારી સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

આ વર્ષે કોર્પોરેટ કમ્યુનીકેશન સેલ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ ડોક્યુમેન્ટરી ‘યુજીવીસીએલ એટ એ ગ્લાન્સ’ અને પુસ્તિકા તેમજ ‘સૂર્ય ગુજરાત’ ડોક્યુમેન્ટરી તેમજ ‘ચિંતન શિબિર’ પુસ્તિકાના વિમોચન બાદ સ્વતંત્રદિન પર્વ નિમિત્તે ‘વીજ સલામતી’ અંગેની પુસ્તિકાનું વિમોચન કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. ટેક્નિકલ કર્મચારીઓને વીજ અકસ્માત ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં




'વીજ સલામતી' પુસ્તિકાનું વિમોચન

આવેલ સદર પુસ્તિકામાં વીજ અકસ્માતોનું અવલોકન અને નિરાકરણ અંગેની મહત્ત્વની વિગતો રજૂ કરવામાં આવેલ છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તાબા હેઠળ એએલડીસી ગાંધીનગર ખાતે નાયબ ઇજનેર તરીકે ફરજ બજાવતા શ્રી એ.બી. પાવરાનું નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ની બિમારીને લઈને દુઃખદ અવસાન થયેલ, તેમના ધર્મપત્ની શ્રીમતી લિનાબેન પાવરાને સરકારશ્રી અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા જાહેર કરવામાં આવેલ પરિપત્ર અન્વયે રૂ. ૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ


ચેક અર્પણ

લાખની સહાયનો ચેક અર્પણ કરવામાં આવેલ અને તેમના પરિવારજનો પર આવી પડેલ અણધારી આફતને સહન કરવાની શક્તિ અર્પે તે માટે પ્રાર્થના કરવામાં આવેલ.

સદર ઉજવણીમાં સામાજિક અંતર




ગાંધીનગરનાં અર્બન અને ગ્રામ્ય વિભાગીય કચેરીઓ ખાતે પંદરમી ઓગસ્ટ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ

રાખવાનું હોઈ વિવિધ ક્ષેત્રમાં કંપની માટે ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનપત્રો જે તે વિભાગીય કચેરીને મોકલવામાં આવેલ, શ્રી કે.ડી. બારોટ, નાયબ ઇજનેર દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવેલ. ■

---

ત્રિરંગાના ત્રણ રંગ કેશરી, સફેદ અને લીલો. જેમાં કેશરી શહીદીનો (ખૂમારી) સફેદ શાન્તિના સંદેશનો તેમજ લીલો ભાઈચારાનું પ્રતિક અને કાળો રંગ અશોક ચક્રનો.

એ જ રીતે વીજળીના પ્રવાહમાં પણ ચાર રંગ લાલ (R) પીળો (Y) વાદળી (B) કાળો (N) ત્રિરંગાના કલરના ક્રમમાં જો કોઈ પણ ફેરફાર થાય તો રાષ્ટ્રનું અપમાન થાય તેમજ ગંભીર ગુનો લાગુ પડી શકે છે. તે જ રીતે વીજળી પ્રવાહમાં પણ જો લાલ (R) પીળો (Y) વાદળી (B)ને કાળો (N) જેના ક્રમમાં પણ કોઈ ખામી સર્જાય તો અથવા ભૂલ થાય તો ગંભીર સમસ્યા તેમજ અકસ્માત સર્જાઈ શકે છે. આથી જ તો ત્રિરંગાની રક્ષા અને મર્યાદા જાળવવી રાષ્ટ્ર માટે જરૂરી છે. તે જ રીતે રાષ્ટ્રના વિકાસ માટે વીજળીની જાળવણી અને સિસ્ટમની જાળવણી રાષ્ટ્ર માટે જરૂરી છે. તેથી જ તો ત્રિરંગાના ચાર રંગોની જેમ પણ વીજળીના પ્રવાહ માટે ચાર રંગનું રંગ પ્રમાણેનું મહત્ત્વ છે. જેથી દરેક રંગોના મહત્ત્વને ધ્યાનમાં રાખી ત્રિરંગા (કેશરી, સફેદ, લીલો, કાળો) અને વીજળીના (લાલ (R), પીળો (Y), વાદળી (B), કાળો (N)) રંગોને રાષ્ટ્રના હિત માટે તેમજ સલામતી માટે મહત્ત્વ આપવું ખૂબ જ જરૂરી છે. એટલે જ તો ત્રિરંગા અને વીજળીની સુરક્ષા એ એક રાષ્ટ્ર માટે ખૂબ જ આવશ્યક છે. તેમ જ ત્રિરંગાને ફરકાવવા માટે આધાર સ્તંભની મજબૂતી જરૂરી છે તે જ રીતે વીજળીના પ્રવાહને તેની સલામતી માટે અર્થિંગરૂપી સ્તંભ મજબૂત હોવો જરૂરી છે.

**–મિસ્ત્રી રાજેશ કાન્તિલાલ,** કુડાસણ સબડિવિઝન, એએલએમ

**હાઈકુ**

ટકરાઈ એ
શબવાહીની સાથે
ને ઢળી લાશ.

**– ધીરેન શાહ,** અંગત સચિવ, માનનીય ઊર્જા રાજ્ય મંત્રી, ગુજરાત સરકાર

## યુજીવીસીએલના તેજસ્વી તારલા

**ચિ. પ્રાચી**
(ધોરણ-૧૨) એચએસસી, બી-ગ્રૂપ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૬.૯૮
**વાલી :** શ્રી ચેતનકુમાર જે. રાજપાલ
**હોદ્દો :** અધિક્ષક ઈજનેર
વર્તુળ કચેરી, મહેસાણા



**ચિ. દ્રષ્ટિ**
(ધોરણ-૧૨) એચએસસી, સામાન્ય પ્રવાહ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૯.૧૭
**વાલી :** શ્રી પી.એસ. પટેલ
**હોદ્દો :** મીટર ટેસ્ટર
સાબરમતી લેબોરેટરી



# સીજીઆરએફના અધ્યક્ષ તરીકે શ્રી નિલેશ પી. મહેશ્વરીએ કાર્યભાર સંભાળ્યો

## મહેસાણા અને પાલનપુર સર્કલના ગ્રાહકોની તકરારોનું નિવારણ કરશે

ઉત્તર ગુજરાત વીજ કંપનીના ગ્રાહકોની સુવિધા માટે વધુ એક ગ્રાહક તકરાર નિવારણ ફોરમ બનાવવાના જીઈઆરસીના માર્ગદર્શન મુજબ કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મંજુરી મેળવ્યા બાદ મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘની સૂચના અનુસાર કંપનીના હેડ ક્વાર્ટર મહેસાણા ખાતે એક નવીન સીજીઆરએફની રચના કરવામાં આવેલ. જેમાં શ્રી કે.ડી.બારોટ અને શ્રી આર.કે. પ્રજાપતિની કન્વીનર તરીકે નિયુક્તિ કરવામાં આવેલ.

સીજીઆરએફ રેગ્યુલેશન ૨૦૧૯ મુજબ નિવૃત્ત મુખ્ય ઈજનેર, જેટકો, શ્રી એન.પી. મહેશ્વરીની ચેરપર્સન તરીકે પસંદગી કરવામાં આવી અને મેમ્બર (ટેકનીકલ) તરીકે શ્રી એલ.એફ. ડાભી, અધિક્ષક ઈજનેર (આર.ઈ.) કોર્પોરેટ ઓફિસને નિયુક્ત કરવામાં આવેલ છે. સીજીઆરએફ રેગ્યુલેશન ૨૦૧૯ મુજબ જીઈઆરસી દ્વારા મેમ્બર (સ્વતંત્ર)ની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે અને ટૂંક સમયમાં મેમ્બર (સ્વતંત્ર)ની જીઈઆરસી દ્વારા પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થતા તે નિયુક્તિ પણ કમીશનશ્રીની સૂચના મુજબ કરી દેવામાં આવશે. તે દરમ્યાનમાં સાબરમતી ખાતે હાલમાં કાર્યરત કમ્પનીના સીજીઆરએફમાં મેમ્બર (સ્વતંત્ર) શ્રી પી.એ. ડાભી, એડવોકેટશ્રીને કમીશનની પૂર્વ મંજુરી લઈને તેમની સેવાઓનો લાભ નવીન સીજીઆરએફ, મહેસાણા માટે લેવામાં આવશે.


શ્રી એન.પી. મહેશ્વરી


શ્રી એલ.એફ. ડાભી


શ્રી પી.એ. ડાભી

મહેસાણા ખાતે બનેલ નવીન સીજીઆરએફ, મહેસાણાનું મહેસાણા અને પાલનપુરના ગ્રાહકોની ફરિયાદ નિવારણ માટે તા. ૨૭-૦૭-૨૦૨૦ના રોજ માનનીય મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ, મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર (પરચેસ), શ્રી વી.એમ. શ્રોફ, વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક), શ્રી જી.એચ. એન્જિનીયર, વિશેષ મુખ્ય ઈજનેર (પી), શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)ની વિશેષ ઉપસ્થિતિમાં નવીન કોન્ફરન્સ હોલ, આર એન્ડ સી ઓફિસ, મહેસાણા ખાતે ફોરમના તમામ સભ્યોની હાજરીમાં આરંભ કરવામાં આવેલ.



કોન્ફરન્સ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા નિયુક્ત કરેલ પસંદગી સમિતિ દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (CGRF) ના અધ્યક્ષ તરીકેની હસ્તાક્ષર 'ગુજરાત વીજ નિગમ પંચના (CGRF)ને મોકલતા શ્રી નિલેશ કે. મહેશ્વરીની સીજીઆરએફના અધ્યક્ષ તરીકેની મંજુરીને મહોર મારતા તેઓશ્રીએ તા. ૨૭-૭-૨૦૨૦ના રોજ તેમના પ્રથમ સત્રની કામગીરી આરંભી વિધિવતરીતે કાર્યભાર સંભાળેલ છે. સીજીઆરએફના અધ્યક્ષ તરીકે તેઓ મહેસાણા અને પાલનપુર સર્કલના ગ્રાહકોની તકરારોનું નિવારણ કરશે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ખાતેથી ૧૯૮૧માં બીઇ (ઇલેક્ટ્રીકલ)ની પદવી પ્રાપ્ત કરનાર શ્રી મહેશ્વરી અગાઉના જીઇબી અને હાલના ગુજરાત ઇલેક્ટ્રીસીટી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડમાં સાવરકુંડલા ખાતે તા. ૧૮-૮-૧૯૮૧થી પોતાની કારકિર્દીની શરૂઆત કરેલ. તા. ૭-૯-૧૯૮૯ના રોજ નાયબ ઈજનેર તરીકે બઢતી મળતા મહુવા પેટા વિભાગીય કચેરી ખાતે ફરજ શરૂ કરેલ ત્યારબાદ તા. ૧૮-૪-૨૦૦૦થી ટ્રાન્સમીશન વિભાગમાં જામનગર ખાતે બદલી મેળવેલ. તા. ૧૮-૪-૨૦૦૭થી કાર્યપાલક ઈજનેર તરીકે સાવરકુંડલા ખાતે બઢતી મેળવેલ. તા. ૩૧-૭-૨૦૦૭ના




રોજ વિશેષ મુખ્ય ઇજનેર તરીકે બઢતી મેળવી રાજકોટ તથા મહેસાણા ખાતે ફરજ બજાવેલ અને રેગ્યુલેટરી અને કોમર્સ વિભાગમાં પણ કામગીરી કરેલ.



તા. ૧૭-૫-૨૦૧૭થી ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પ્રોજેક્ટ) તરીકે ચાર્જ સંભાળેલ અને તા. ૨૬-૯-૨૦૧૭થી ૩૧-૮-૨૦૧૮ સુધી નિયમિત મુખ્ય ઇન્ચાર્જ (પ્રોજેક્ટ અને એન્જિનીયરીંગ) તરીકે નિવૃત્તિ સુધી કામગીરી સંભાળેલ આમ કુલ ૩૭ (સાડત્રીસ) વર્ષની ખૂબ જ લાંબી કારકિર્દી ધરાવનાર શ્રી મહેશ્વરીએ સફળ કામગીરી કરીને એક કાર્યદક્ષ અધિકારી તરીકે પોતાની જાતને પ્રસ્થાપિત કરેલ છે, મહેસાણા અને પાલનપુર સર્કલના ગ્રાહકોની તકરાર નિવારણની કામગીરી સફળતાપૂર્વક બજાવશે તેવા વિશ્વાસ સાથે યુજીવીસીએલ પરિવાર તેઓની નિમણૂંકને આવકારે છે અને ભાવિ સફળ કામગીરી માટે શુભેચ્છાઓ પાઠવે છે. ■

# સૂઈગામના દરિયાઈ રણમાં ભરાયેલ પાણીમાં વીજ ટ્રાન્સફોર્મર બદલવાની અદ્વિતીય કામગીરી

**ભારત-પાકિસ્તાનની બોર્ડર નજીક ખોરવાયેલ વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટેની પડકારજનક કામગીરી**

પાલનપુર સર્કલના તાબા હેઠળના ડીસા વિભાગીય કચેરી હસ્તકના સૂઈગામ પેટા વિભાગીય કચેરી દ્વારા ભારત-પાકિસ્તાનની બોર્ડર નજીક વીજ વિતરણ વ્યવસ્થાનું સંચાલન કરવામાં આવે છે. સતત વિના વિક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડવાના દ્રઢ સંકલ્પને ચરિતાર્થ કરવા માટે કટિબદ્ધ યુજીવીસીએલના કર્મઠ કર્મચારીઓ દ્વારા તા. ૨૭મી ઓગસ્ટના રોજ જલોયા ફીડરમાંથી બે વીજ લાઈનો નાંખવામાં આવેલ છે, જે ભારે વરસાદના લીધે વીજલાઈનની ડીપી પાણી ભરાવવાને લીધે બળી જતા વીજ વિક્ષેપનું નિર્માણ થતા તેની જાણ પેટા વિભાગીય કચેરીને થતા યુદ્ધના ધોરણે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાના પ્રયત્ન હાથ ધરવામાં આવેલ, પરંતુ દરિયાઈ રણમાં ૬૫૦ કિલો વજન ધરાવતા ટ્રાન્સફોર્મરને બદલવાનું કામ મુશ્કેલ અને પડકાર જનક હતું, પરંતુ પતરાનો તરાપો બનાવીને ટ્રાન્સફોર્મર તેના ઉપર મુકી ૨૦૦ મીટર જેટલા અંતરને કર્મઠ કર્મચારીઓ દ્વારા દોરડાવડે બાંધીને ડીપી સેન્ટર ખાતે લઈને યોગ્ય જગ્યાએ મુકીને વીજ પુરવઠો જીવંત કરવામાં આવેલ.



ભારત-પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સરહદના અતિ સંવેદનશીલ વિસ્તારમાં કચ્છ તરફ જતી લાઇન પર સતત વીજ પુરવઠો વીના વિક્ષેપે ચાલુ રાખવામાં આવે છે. મહત્ત્વની બાબત એ છે કે, આ વિસ્તાર રણપ્રદેશ હોવાને લીધે અતિ વરસાદ પડે અને વીજ વિક્ષેપ થાય ત્યારે મુશ્કેલ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. રણોમાં ભરાયેલ દરિયાઈ પાણીની ખારાશને લીધે ક્યારેક તો દિવાળી સુધી સુકાતા નથી ત્યારે ટ્રાન્સફોર્મરમાં ખામી સર્જાય અને બદલવું પડે છે ત્યારે પડકારજનક પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. સફળ કામગીરીના મોબાઇલ કેમેરા દ્વારા બનાવવામાં આવેલ વીડિયો સોશિયલ મીડિયા દ્વારા લોકો સુધી પહોંચતા લોકોએ યુજીવીસીએલના કર્મઠ કર્મચારીઓ કે જે હંમેશા પડકારજનક પરિસ્થિતિમાં પોતાની યશસ્વી કામગીરી માટે જાણીતા છે તે માટે લોકોએ શાબાશી આપી કામગીરીને બિરદાવી હતી. રાજ્ય સરકારના માનનીય ઊર્જા મંત્રી, શ્રી સૌરભભાઈ પટેલને જાણ થતા ફેસબુકના માધ્યમ દ્વારા કર્મચારીઓની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ, મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યાએ શ્રી એલ.એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર અને કામગીરી સંલગ્ન કર્મચારીઓને અભિનંદન પાઠવેલ. ■


# પોશીના ખાતે 'વીજ સુવિધા કેન્દ્ર'નું લોકાર્પણ

તા. ૧૫-૭-૨૦૨૦ના રોજ હિંમતનગર વર્તુળ કચેરીના તાબા હેઠળની ઇડર વિભાગીય કચેરીની ખેરોજ પેટા વિભાગીય કચેરી હસ્તક પોશીના ખાતે અંતરિયાળ ગામોના માનવંતા ગ્રાહકોને વીજ વિક્ષેપની ફરિયાદો તથા અન્ય મહત્ત્વની કામગીરી માટે વધુ સારી સેવા આપી શકાય તેવા ઉદ્દેશથી 'વીજ સુવિધા કેન્દ્ર'નું લોકાર્પણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના વરદ્ હસ્તે વિશેષ મુખ્ય ઇજનેર (ટેક), શ્રી જે.કે. દરજી અને અધિક્ષક ઇજનેર, હિંમતનગર વર્તુળ કચેરી શ્રી પી.સી. શાહ અને કાર્યપાલક ઇજનેર, શ્રી એમ.ઝેડ. અસારી, સરપંચશ્રી ખેરોજ તથા માનવંતા ગ્રાહકોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.

દીપ પ્રાગટ્ય કરીને ગણેશ આરાધના અને સત્યનારાયણની કથા કર્યા બાદ રીબન કાપીને 'વીજ સુવિધા કેન્દ્ર' પ્રજા માટે લોકાર્પણ કરીને ખુલ્લુ મુકવામાં આવેલ.

ઇડર વિભાગીય કચેરી હસ્તકમાં કુલ ૦૭ પેટા વિભાગીય કચેરીઓનો સમાવેશ થાય છે. જેમાં ખેરોજ પેટા વિભાગીય કચેરીમાં કુલ ૦૯ (નવ) ફીડરો આવેલા છે. એચટી લાઇન ૬૩૫, એલટી લાઇન ૮૩૭ અને કુલ ૨૪૧૯ ટ્રાન્સફોર્મરના વીજ વિસ્તાર ધરાવે છે.

ખેરોજ પેટા વિભાગીય કચેરીમાં હાલમાં કુલ ૧૪૭૬૫ વીજ ગ્રાહકોનો સમાવેશ થાય છે. અંતરિયાળ વિસ્તારના કુલ ૭૧ ગામોનો સમાવેશ આ વિસ્તારમાં થાય છે. સરકારશ્રી દ્વારા જ્યારથી વધુ ઝડપી વિકાસ થાય તેવા ઉદ્દેશથી પોશીના તાલુકો જાહેર કર્યો જેથી ખેરોજ પેટા વિભાગીય કચેરી પણ શરૂ કરવામાં આવેલ, પરંતુ પોશીનાથી ખેરોજ જ્યારે વીજ કામગીરી અર્થે ગ્રાહકોને જવું પડતું ત્યારે ૩૦થી ૩૫ કિલોમીટરનું અંતર કાપવાની ફરજ પડતી. ગ્રાહકોને પડતી તકલીફ માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હંમેશા સંવેદનશીલ હોય છે તેવા



ઉદ્‌ઘાટન




તક્તિનું અનાવરણ



દીપ પ્રાગટ્ય

સંજોગોમાં વધુ સારી સેવાઓ પૂરી પાડવાના ઉદ્દેશથી માનવંતા ગ્રાહકોની માંગણીને ધ્યાનમાં લઈને કુલ ૨૯ જેટલા ગામો અને કુલ ૭૮૯૭ જેટલા માનવંતા ગ્રાહકોને કુલ ૭ (સાત) જેટલા ફીડરો ધરાવતા વિસ્તારમાં કુલ ૧૫ (પંદર) જેટલા કર્મઠ કર્મચારીઓને કાર્યરત કરીને વીજ સેવાઓ પૂરી પાડવાની નેમ કંપની ધરાવે છે.

સદર વીજ સુવિધા કેન્દ્રને લીધે પોશીના તાલુકા ખાતે લોકોની અવર-જવર વધુ હોઈ વિવિધ વીજ સેવાઓનો લાભ મળી શકશે. ઔદ્યોગિકરીતે પણ પોશીના તાલુકો અંતરિયાળ ગામોથી તેમજ આર્થિક અને સામાજિકરીતે પછાત હોવાથી વીજ બીલના નાણા ભરવાની, વીજ વિક્ષેપનું ફરિયાદનું ઝડપથી નિકાલ માટે વધુ અનુકૂળ રહેશે તેવી આશા રાખવામાં આવે છે. ■

# કોરોના વોરિયર્સ યુજીવીસીએલ નાયબ ઇજનેરનું સન્માન

વડગામમાં આવેલી યુજીવીસીએલના નાયબ ઇજનેર અજયસિંહ સોલંકી, તમામ સ્ટાફ દ્વારા છેલ્લા ૬ માસથી ૨૪ કલાક સતત લોકોના ઘરે વીજ પુરવઠો મળી રહે તે માટે કામગીરી કરી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. જેને લઈ વડગામ સરપંચ અને તાલુકાના સરપંચ એસોસિએશનના પ્રમુખ વડગામ પ્રેસ ક્લબના પ્રમુખ ભગવાન સિંહ સોલંકી, નાથુ સિંહ સોલંકી દ્વારા નાયબ ઇજનેર અજયસિંહ સોલંકીનું શાલ ઓઢાડી સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવેલ તથા લીંબોઈ સરપંચ ભીખાભાઈ જગાણીયા, તલાટી રાકેશભાઈ ચૌધરી દ્વારા પણ નાયબ ઇજનેર અજયસિંહ સોલંકી અને લક્ષ્મણભાઈ કરેણને શાલ ઓઢાડી સન્માન પત્ર આપી સન્માનિત કરેલ. ■



# માનનીય ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલના વરદ્ હસ્તે મેગેઝિન તથા પુસ્તિકાનું વિમોચન





તારીખ ૪ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ ઊર્જા મંત્રી, શ્રી સૌરભભાઈ પટેલના વરદ્ હસ્તે ઉત્તર ગુજરાત વીજ કંપની તરફથી નિયમિત દર બે મહિને પ્રકાશિત થતું મેગેઝિન 'આપણું યુજીવીસીએલ'ની ૫૬મી આવૃત્તિનું તેમજ વર્ષ ૨૦૧૯-૨૦૨૦ની કામગીરી પ્રસ્તુત કરતી **UGVCL At a Glance** પુસ્તિકાનું વિમોચન કરવામાં આવેલ.

આ પ્રસંગે યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ, શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મહપ્રબંધક (એચ.આર.) તથા બંને પુસ્તકોના સંપાદક, શ્રી શૈલેશ નાયક ઉપસ્થિત રહેલ. માનનીય મંત્રીશ્રીનું શાલ અર્પણ કરીને અભિવાદન કરવામાં આવેલ. માનનીય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ દ્વારા બન્ને પુસ્તકોનાં પ્રકાશન અંગે ખુશી વ્યક્ત કરીને અભિનંદન પાઠવવામાં આવેલ. ■

# સતત ૪૫ વખત રક્તદાન કરવા બદલ સન્માનિત

કોર્પોરેટ ઓફિસ ખાતે અધિક્ષક ઈજનેર (સોલાર) તરીકે ફરજ બજાવતા શ્રી વી.એચ. ઠાકર દ્વારા સતત ૪૫મી વખત રક્તદાન કરીને માનવતાવાદી કામગીરી કરેલ છે. પ્રથમા બ્લડ બેંક દ્વારા તેમના થકી કુલ ૩૨મી વખત, રેસ ક્રોસ બ્લડ બેંક દ્વારા ૧૨ વખત, ગ્રીન ક્રોસ દ્વારા ૧ વખત એમ કુલ મળીને ૪૫ વખત રક્તદાન કરેલ છે. જે અંતર્ગત પ્રથમા બ્લડ બેંક દ્વારા ૨૫ વખત રક્તદાન કરવા બદલ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવેલ છે. યુજીવીસીએલ આ પ્રસંશનીય કામગીરી બદલ ગૌરવની લાગણી અનુભવી તેમનું સ્વાસ્થ્ય સારું રહે અને હજી પણ રકતદાનની ઉમદા કામગીરી સતત કરતા રહે તે માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. ■



# યોગ કોચ અને યોગ ટ્રેનર્સને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ

ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી, શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે નાયબ મુખ્યમંત્રી, નીતિન ભાઈ પટેલ, મંત્રી ઈશ્વરભાઈ પટેલ ગુજરાત તથા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગ સેવક, શ્રી શીશપાલ રાજપૂતની ઉપસ્થિતિમાં રાજ્ય યોગ બોર્ડ દ્વારા તાલિમ પામેલ સફળ યોગ કોચ અને યોગ ટ્રેનર્સને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ ડિજિટલ માધ્યમ દ્વારા તા. ૦૭/૦૮/૨૦૨૦નાં રોજ સવારના ૧૧:૩૦ કલાકે યોજાયેલ.

આ પ્રસંગે અમદાવાદ જિલ્લા કલેક્ટર ઓફિસમાં અમદાવાદ જિલ્લાના યોગ કોચ અને યોગ ટ્રેનર્સને અમદાવાદ જિલ્લાના સાંસદ, શ્રી કિરીટભાઈ સોલંકી તથા અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રીની ઉપસ્થિતિમાં પ્રમાણપત્ર આપવામાં આવેલ. જેમાં અમદાવાદ જિલ્લાના કોચ, શ્રી ઉમેશભાઈ ચૌહાણ તથા ઈલાક્ષીબેન ચૌહાણ તથા અન્ય કોચ યોગ ટ્રેનર્સને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનનો આભાર વ્યક્ત કરેલ અને યોગ કોચ અને યોગ દિનની શુભેચ્છાઓ પાઠવેલ. આજે સમગ્ર વિશ્વ કોરોના મહામારી સામે સંઘર્ષ કરી રહ્યો છે. આ રોગ સામે રોગપ્રતિકારક શક્તિ વધારવા તેમજ સ્વસ્થ રહેવા યોગ, પ્રાણાયામ અને સૂર્ય નમસ્કાર જેવા આસનો ખૂબ જરૂરી છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતના તમામ જિલ્લામાં કુલ 126 યોગ કોચને તાલીમ આપવામાં આવેલ અને તાલીમ પામેલ યોગ કોચ દ્વારા સમગ્ર રાજ્યમાં 5000થી વધુ યોગ ટ્રેનરોને તૈયાર કરવામાં આવેલ. ગુજરાતના ૩૩ જિલ્લાઓમાંથી સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને અન્ય મહાનુભાવો, યોગકોચ/યોગટ્રેનર ઓનલાઈન વીડિયો કોન્ફરસીંગ માધ્યમથી જોડાયા હતા. ■





# યુજીવીસીએલ દ્વારા અકસ્માત બનાવો અટકાવવાની કપરી કામગીરી

યુજીવીસીએલના વિસ્તારમાં વીજકર્મી સ્ટાફ મિત્રો દ્વારા ચોમાસામાં ઊગી નીકળેલા અને વીજ લાઈનો પર ચઢી ગયેલા વેલાઓ દૂર કરી શોર્ટ સર્કિટ અને અકસ્માત બનાવો બનતા અટકાવવા સુંદર કામગીરી કરવામાં આવેલ, સાથે સાથે ઘણી જગ્યાએ ટ્રાન્સફોર્મર સેન્ટર પર બુશિંગ પર પીવીસી બુશ ચઢાવી મોર, વાંદરા જેવા પશુ પક્ષીઓને અકસ્માતથી બચાવવા પણ સુંદર કામ હાથ ધરવામાં આવ્યું છે. આ બાબતની મીડિયાએ પણ નોંધ લીધી છે જે યુજીવીસીએલ માટે બહુ ગૌરવની વાત છે. સર્વે ટેકનિકલ કર્મચારીઓને ખૂબ ખૂબ અભિનંદન.







વર્ણનની જરૂર નથી, સાણંદ-૧, સબડિવિઝન ખાતેના લાઈન સ્ટાફ અને કોન્ટ્રાક્ટરની કામગીરી બોલે છે...



શેલા પેટાવિભાગીય કચેરીના તાબા હેઠળ આવેલ સનાથલ અગ્રીકલ્ચર ફીડર તુટી ગયેલ હોવાથી વીજ કર્મચારી દ્વારા પાણીમાં જઈને વાયર સાંધીને વીજ પૂરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવેલ.




## શ્રદ્ધાંજલી



તા. ૨૪-૨-૭૭ના રોજ જન્મેલ શ્રી એ.બી. પાવરા, નાયબ ઈજનેર, એએલડીસીનું તાજેતરમાં તા. ૫-૭-૨૦૨૦ના રોજ કોરોનાની બિમારીને લીધે દુઃખદ અવસાન થયેલ છે. ૧૯૯૮ના વર્ષમાં બીઈ (ઇલેક્ટ્રીકલ)ની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ તા. ૨૧-૧૧-૧૯૯૮ના રોજ લીંબડી, ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી ખાતેથી પોતાની કારકિર્દી શરૂ કરનાર સ્વ. પાવરાએ વિરમગામ (ટાઉન), બાવળા-૧ પેટાવિભાગીય કચેરી તથા ચાંગોદર પેટાવિભાગીય કચેરીઓ ખાતે જુનિયર ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા. તેઓને તા. ૩૦-૭-૨૦૧૩ના રોજ નાયબ ઈજનેર તરીકે બઢતી મળેલ. આમ કુલ ૨૧ (એકવીસ) વર્ષ સુધી ગુજરાત વિદ્યુત બોર્ડ અને બાદમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની સફળ કારકિર્દી ધરાવનાર શ્રી પાવરાનું અચાનક અવસાન થતા યુજીવીસીએલ પરિવાર શોકની લાગણી અનુભવે છે. તેમના કુટુંબીજનો પર આવી પડેલ અણધારી આફત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ અર્પે તે માટે પ્રાર્થના કરે છે. ■







નેશનલ જ્યોગ્રાફિ ટ્રાવેલિંગ મેગેઝિન દ્વારા આયોજિત ડેઇલી પ્રતિયોગિતા અંતર્ગત શ્રી મહર્ષિ શ્રીમાળી દ્વારા પાડવામાં આવેલ ત્રણ ફોટો ત્રણ અલગ અલગ થીમમાં પબ્લિશ થયેલ છે. સૌ પ્રથમ મે,૨૦૧૯ દરમિયાન "ઇન્ડિયન ફૂડ" થીમ કે જેમાં જુદી જુદી વેરાયટીનાં ભારતીય ખાણા-પીણાંનાં ફોટોસ ફાઇનલ માટે પાડવામાં આવેલ. જેમાં તેઓએ પાડેલો સુરતની પ્રખ્યાત "બાહુબલી થાળી"નો ફોટો પબ્લીશ થયેલ. ફેબ્રુઆરી, ૨૦૨૦ દરમિયાન ગુજરાત ટુરિઝમ દ્વારા સમર્થિત, નેશનલ જ્યોગ્રાફી ડેઇલી પ્રતિયોગિતા "કલર્સ ઓફ ગુજરાત" થીમ કે જેમાં કચ્છનાં રણ ઉત્સવ, અમદાવાદ ખાતેનું પતંગોત્સવ અને ગાંધી ટ્રેઈલને લગતા ફોટોસ ફાઈનલ થવાના હતા. જે માટે પાડવામાં આવેલ "ગાંધી કુટીર, મહાત્મા મંદિર", ગાંધીનગરનો ફોટો પબ્લીશ થયેલ. માર્ચ, ૨૦૨૦ દરમિયાન "હોળી હ્યૂઝ" કે જે હોળીના રંગો પર આધારિત ફોટો માટેની થીમ હતી. જેમાં જેસલમેર, રાજસ્થાન સ્થિત ગોલ્ડન કિલ્લાના પ્રવેશદ્વાર પર કઠપૂતળીઓ વેચનારનો ફોટો પબ્લીશ થયેલ છે. યુજીસીવીએલ પરિવાર ગૌરવની લાગણી *અનુભવી અભિનંદન પાઠવે છે.*

***– શ્રી મહર્ષિ શ્રીમાળી,***
*જુનિયર એન્જિનીયર (આઇટી) આર.ઓ., મહેસાણા*

‘‘ગોધૂળવેળાની સમી સાંજની આ લાલિમા ગમે છે મને...ચણને ચણી નિજ માળામાં પાછા ફરતાં આ પંખીઓ ગમે છે મને...ઓઢી પછેડી તિમિરની ધીમે ધીમે શાંત થતું આ નગર મહેસાણા ગમે છે મને.’’ ‘‘ગોધૂળ – સંધ્યાનો એ સમય જ્યારે ગાયોનો ગોવાળ પોતાની ગાયોને ચરાવી પાછો ફરતો હોય અને એ સમયે હવામાં ઉડતી ધૂળની ડમરીઓ થોડા સમય માટે હવામાં સ્થિર થાય એટલો સમય એટલે ગોધૂળ વેળા અથવા ગોરજ વેળા.’’

**– શ્રી પલ્કેશ બી. પ્રજાપતિ,** જુનિયર આસિસ્ટન્ટ,
એચ.આર. વિભાગ, રજી.કચેરી, મહેસાણા.



# ૭૧મા વન મહોત્સવની ઉજવણી







‘ગ્રીન ગુજરાત’ અને ‘ક્લીન ગુજરાત’ના સૂત્રને ચરિતાર્થ કરવા માટે ૭૧મા વન મહોત્સવની ઉજવણી શ્રી કિસાનભારતી વિદ્યા સંકુલ, મું. મેડવ. તા. જી. મહેસાણા ખાતે તા. ૦૭-૦૮-૨૦૨૦ના રોજ ૧૦.૩૦ કલાકે સામાજિક વનીકરણ વિભાગ મહેસાણા દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ તરીકે આપણી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ, અગ્રગણ્ય આઇ.એફ.એસ. અધિકારી તરીકે અને શ્રીમતી શારદાબેન પટેલ, માનનીય સંસદ સભ્ય, મહેસાણા તથા ગુજરાત પોલીસ આવાસ યોજનાના અધ્યક્ષશ્રી તેમજ અધિક્ષક ઇજનેર, મહેસાણા, શ્રી સી.જે. રાજપાલ ઉપસ્થિત રહેલ. ■

# શ્રી આર.બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઈનાન્સ) અને શ્રી પી.પી. બારોટ આસી. લૉ ઓફિસરને માનભેર વિદાય

તા. ૩૧-૮-૨૦૨૦ના રોજ મહેસાણા કોર્પોરેટ ઓફિસ ખાતે ફરજ બજાવનાર જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર.બી. કોઠારી અને આસિસ્ટન્ટ લૉ ઓફિસર, શ્રી પી.પી. બારોટ વય મર્યાદાને લીધે નિવૃત્ત થતા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘના અધ્યક્ષપદે સાદા સમારંભમાં કંપનીના મુખ્ય ઈજનેર, શ્રી પી.બી. પંડ્યા, શ્રી વી.એમ. શ્રોફ, વિશેષ મહાપ્રબંધક (એચઆર), શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મુખ્ય ઈજનેર, શ્રી જે.કે. દરજી, શ્રી જી.એચ. એન્જિનીયર તથા ચીફ ફાઈનાન્સ મેનેજર, શ્રી રાજેન્દ્ર જૈનની ઉપસ્થિતિમાં સન્માનપત્ર તથા શાલ અર્પણ કરીને માનભેર વિદાય આપવામાં આવેલ.





શ્રી આર. બી.કોઠારી કોર્પોરેટ ઓફિસ ખાતે વર્ષ ૨૦૦૭થી જનરલ મેનેજર (ફાઈનાન્સ) તરીકે ફરજ બજાવતા હતા તે અગાઉ ગુજરાત સરકારના સિવિલ સપ્લાય કોર્પોરેશનમાં મેનેજર (ફાઈનાન્સ/એકાઉન્ટ્સ) તરીકે એકાઉન્ટ્સ, કોસ્ટિંગ, બેંકિંગ, ટેક્ષેશન, ઈન્ટરનલ ઓડિટ મોનિટરીંગ, વહીવટી વગેરે કામગીરી સંભાળતા હતા. જ્યારે ઉત્તર ગુજરાત વીજ કંપની જનરલ મેનેજર તરીકે એકાઉન્ટ્સ વિભાગના વડા તરીકે સંપૂર્ણ જવાબદારી સાથે સફળતાપૂર્વક ફરજો બજાવેલ. તેમના કાર્યકાળ દરમ્યાન એકાઉન્ટ્સ વિભાગને આઈસીડબલ્યુએએસ તરફથી બે એવોર્ડ્ઝ દ્વારા નવાજવામાં આવેલ.

સફળ અધિકારી તરીકે બજાવેલ ફરજોને કંપની લાંબા સમય સુધી યાદ રાખશે અને યુજીવીસીએલ પરિવાર શેષ જીવન માટે સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સ્વસ્થ તબિયત માટે શુભેચ્છાઓ પાઠવે છે.

શ્રી પી.પી. બારોટે જુલાઈ ૧૯૮૫માં જુનિયર આસિસ્ટન્ટ તરીકે અગાઉના ગુજરાત વિદ્યુત બોર્ડ અને હાલના ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડમાં પોતાની ફરજની શરૂઆત કરેલ. જૂન ૧૯૯૦માં સિનિયર આસિસ્ટન્ટ તરીકે બઢતી મેળવેલ. કાયદા વિભાગમાં સ્નાતકની ડિગ્રી હોવાને લીધે લીગલની પ્રવૃત્તિમાં રસ ધરાવતા હોવાથી કોર્પોરેટ ઓફિસના લીગલ વિભાગમાં કામગીરી કરી રહ્યા હતા તે દરમ્યાન લીગલ અંગેની પ્રસંશનીય કામગીરીને લીધે તેઓની ખાસ કિસ્સામાં પસંદગી કરીને 'આસિસ્ટન્ટ લૉ ઓફિસર' તરીકે તા. ૧૫-૧-૨૦૦૭થી નિમણૂંક આપીને કામગીરી બિરદાવવામાં આવેલ. લીગલ ડિપાર્ટમેન્ટના હેડ તરીકે 'લૉ ઓફિસર'ના ચાર્જ દરમ્યાન તેઓએ કંપનીના દાવાઓમાં ખૂબ જ પ્રસંશનીય કામગીરી કરેલ.

યુજીવીસીએલ પરિવાર નિવૃત્તિ બાદના શેષ જીવન માટે તેઓશ્રીને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. ■

# સુશ્રી એમ.પી. શાહ, કાર્યપાલક ઈજનેર અને શ્રી કે.બી. પટેલ, કાર્યપાલક ઈજનેરનો વિદાય સમારંભ

તા. ૩૧-૭-૨૦૨૦નાં રોજ યુજીવીસીએલ વર્તુળ કચેરી, સાબરમતીનાં તાબા હેઠળની વિભાગીય કચેરી ગાંધીનગર ખાતેથી સુશ્રી એમ.પી. શાહ, કાર્યપાલક ઈજનેર તથા વર્તુળ કચેરી, હિંમતનગરનાં તાબા હેઠળની વિભાગીય કચેરી, તલોદ ખાતેથી શ્રી કે.બી. પટેલ, કાર્યપાલક ઈજનેર વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા સુશ્રી એમ.પી. શાહને માનનીય મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ, વિશેષ મહાપ્રબંધકશ્રી (મા.સ.) તથા અધિક્ષક ઈજનેર, શ્રી આર.ડી. ઝાલા, વર્તુળ કચેરી, સાબરમતી દ્વારા તેમજ શ્રી કે.સી. પટેલને શ્રી પી.સી. શાહ, અધિક્ષક ઈજનેર, વર્તુળ કચેરી, હિંમતનગર દ્વારા કંપનીમાં દીર્ઘકાળ સુધી ફરજ બજાવવા બદલ





પ્રસશ્તિપત્રથી સન્માનિત કરવામાં આવેલ. તેમજ તેઓનું શેષ જીવન સુખમય, સ્વસ્થ તેમજ નિરોગી નિવડે તેવી યુજીવીસીએલ પરિવાર શુભેચ્છાઓ પાઠવે છે. ■

અસર એની છે ઘણી,
ના કોઈને સમજાય,
ધીરે પગરવ આવી એ,
ધમાસાણ મચાવી જાય,

ક્ષણનો વિલંબ ના સહેવાય,
માનવ અધીરો બનતો જાય,
કુદરતની થાપટોથી ના સમજે,
અડિયલ બનતો જાય,

કલાકોની મહેનત ના દેખાય,
સ્વાર્થી કેટલો બનતો જાય,
રાત દિવસ દોડે એ,
તોય નકામો કહેતો જાય,

છે એજ લાગનો માનવ
દાનવથી અધિક વર્તતો જાય,
કદર ના કરો કંઈ નહીં,
કામ કરે એને કરવા દો,

માનવની મર્યાદા છે ઘણી,
થોડુંક તો સમજતા જાવ,
દયા કરો થોડી એટલું કરતાં જાવ,
માનવને માનવ સમજતાં થાવ,

છે પ્રાણી એ પણ સામાજીક,
ભૂખ તરસ ને લાગે એને થાક,
આઠ કલાકનો પગાર છે એનો,
ચોવીસ કલાક તોય દોડે જાણો,

પારો છટકે છે એનો પણ ક્યારેક,
સંયમની પાળ બાંધી બેઠો છે,
વીજ સૈનિક છે એ જોખમ માથે બેઠો,
કરતો રહે એ કામ ના કરો પરેશાન,

કુદરતને ચેલેન્જ આપી,
લડતો રહે સામે છાતી,
હેત પ્રેમ રાખશો જરા,
દોડતો આવશે તમ દ્વારે.

**– શૈલેષ એમ. યાદવ**
ડેપ્યુટી એન્જિનીયર, યુજીવીસીએલ, સબડિવિઝન, પ્રાંતિજ

મારા મનના એ ઉછળતા વિચાર,
જાણે કોઈ ઝરણાની પડતી ધાર,
શું તારું થઈ ગયું, શું મારું રહી ગયું,
યાદો સિવાય કોણ બીજું શું લઈ ગયું?
કપરા વખતે પણ રાખજો પરસ્પર આધાર
મારા મનના એ ઉછળતા વિચાર...
ભલે હોઈએ અમીર કે ગરીબ,
રહીશું સદા એકબીજાની કરીબ,
બાંધી રાખીશું આ પ્રણય પાળ,
મારા મનના એ ઉછળતા વિચાર.....

**– પ્રણય વાવડીયા**
નાયબ અધિક્ષક (હિસાબ), આરએન્ડસી ઓફિસ, મહેસાણા

ઉઠે આગને કોઈના બળે પગ!
એવી સળગતી ના રાખીશ વગ.

હજારો હો ભલે સત્કર્મો તારા,
એક ભુલે! ભુલી જાશે આ જગ.

હરકમાં હાંફી જવાય એવું ના ચાલ,
હો મંઝિલ દૂર તું ધીરજથી માંડ ડગ.

સ્વભાવ હો એવું વર્તે સૌ જીવ,
પકડવાનું છોડ કોઈની દુખતી રગ.

**–સંદીપ ચૌધરી** (સંભાવ), નડિયાદ, એમજીવીસીએલ

તારી ખામોશીથી લઈને અવાજ સુધી પ્રેમ છે મને...
તારી આંખોથી લઈને વાતો સુધી પ્રેમ છે મને...
તારા ગુસ્સાથી લઈને મનાવવા સુધી પ્રેમ છે મને...
તારી હાજરીથી લઈને યાદો સુધી પ્રેમ છે મને...
તારા મળવાની ખુશીથી લઈને
વિરહના આસું સુધી પ્રેમ છે મને...

**– શ્રી જે. કે. દરજી**
વિશેષ મુખ્ય ઇજનેર (ટેક), મહેસાણા

# થોડીક જાગૃતતા, જિંદગીભરની સલામતી

## વીજ અકસ્માત નિવારવાના ઉપાયો



કપડાં સૂકવવા માટે કે પ્રાણીઓને બાંધવા માટે વીજળીના થાંભલા કે ધાતુના તારનો ઉપયોગ ન કરવો.




વીજ લાઈનની નીચે કે તેના થાંભલા નજીક બાંધકામ કરવું નહિ.




વીજ લાઈનના તૂટેલા તારને અડકવું નહિ.



વીજળીના તારમાં અટવાયેલા પતંગને તાર, લોખંડ કે ધાતુના સળીયાથી કાઢવાની કોશિશ કરશો નહિ.



વીજ લાઈન નીચે વાહનો ઉભા ન રાખવા.



વીજ લાઈનો ઉપર લંગર નાંખી વીજપ્રવાહ લેવો નહિ.



ભીના હાથે વીજ સાધનો કે સ્વીચને અડકવું નહિ.



મીટર બોક્ષ સાથે કોઈ પણ પ્રકારના ચેડા ન કરવા.



આપના બાળકોને વીજ પ્રવાહ અથવા સ્વીચથી દૂર રાખો.



વિશ્વાસ કરો વીજ સુરક્ષાનો, નસીબનો નહીં ઈ.એલ.સી.બી. લગાવો વીજ અકસ્માત નિવારો.

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**આપણું યુજીવીસીએલ**

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com